# સંસ્કૃત-સુભાષિત-સ્યન્દિકા
# હેમન્તે અધરવ્રણે ન આવે રૂઝ!

વિજય પંડ્યા

ભદ્રં તે સદૃશં યદધ્વગશતૈઃ કીર્તિસ્તવોદ્‌ગીયતે
સ્થાને રૂપમનુત્તમં સુકૃતિનો દાનેન કર્ણો જિતઃ ।
ઈત્યાલોક્ય ચિરં દૃશા કૃપણયા દૂરાગતેન સ્તુતઃ
પાન્થેનૈકપલાલમુષ્ટિરુચિના ગર્વાયતે હાલિકઃ ॥ (સુ.ર.કો., ૩૦૫, યોગેશ્વર)

**ભાવાનુવાદ :**

'તમારું કલ્યાણ થજો!'

રસ્તામાં હું આવતો હતો ને ઠેરઠેર

પ્રવાસીઓ તમારાં ગુણગાન ગાતા હતા!

અને, વાહ, શું તમારી સોહામણી આકૃતિ છે!

ભાઈ, અવશ્ય તમે પુણ્ય કર્યાં હશે.

અને હું તો કહું છું,

દાન કરવામાં તો તમે પેલા કર્ણને હરાવી દીધો!'

એમ લાંબા સમય સુધી દયામણી નજરે, દૂરથી ખેપ ખેડીને આવેલા (ઠંડીના મારણની) એક મૂઠી પરાળની ઈચ્છા રાખનાર પથિકે વખાણ કરતાં ખેડૂતભાઈ તો ફૂલાઈ ગયા!

તે સમયના દરિદ્રતાથી યુક્ત કઠિનાઈભર્યા અંતરિયાળ ગ્રામજીવનનું કંઈક અંશે હાસ્યનો પુટ ચઢાવીને કવિએ સહાનુભૂતિપૂર્વક આ ચિત્ર આંકેલું છે. આપણા મુખ પર પણ સ્મિત આંકે છે!

સંસ્કૃતનું સુભાષિત સાહિત્ય નામવરસિંહ જેને 'દૂસરી પરંપરા' કહે છે તેનું સાહિત્ય છે અને તેમાં તત્કાલીન જીવનનો, વિશેષ તો દારિદ્ર્યને કારણે કઠિનાઈભર્યો સંઘર્ષ ચિત્રણ પામ્યો છે. અને આ જીવન જીવવાની મથામણ ઠંડીની, હેમન્ત જેવી ઋતુમાં વધુ આકરી બને છે. એટલે નાટક વગેરે મુખ્ય ધારાના સાહિત્યમાં જે ન બન્યું તે આવા સુભાષિતસ્વરૂપમાં સિદ્ધ થયું અને તે સુભાષિતસંગ્રહોમાં સચવાયું.

આ શ્રેણી નિયમિત વાંચનારા સહૃદયી વાચકોના ધ્યાનમાં પણ આવ્યું હશે કે આવી 'દૂસરી પરંપરા'નો એક કવિ યોગેશ્વર પણ છે, જેનું કોઈ પુસ્તક મળતું નથી, કેવળ છૂટાંછવાયાં આવા સુભાષિતસંગ્રહોમાં સચવાએલાં પદ્યો!

સંઘર્ષભર્યા જીવનમાંથી વૈધ કે અવૈધ પણ રસ ખેંચી લેનારી વ્યક્તિઓનું આલેખન કરવામાં સંસ્કૃત કવિને કોઈ છોછ નથી અને કવિતાને તો લાભ થાય છે જ!

તો આવું એક ચિત્ર પણ આપણે જોઈએ.

પાકં યત્ર ન યાતિ પાણિજભિદા યત્રાતિશીતાર્તિભિ
ર્માનચ્છેદનિવેદનં રતિકલાવૃત્તિક્ષમા યત્ક્ષપા ।
જારન્યસ્તરદચ્છદવ્રણ સમાધાનાય યન્મારુત -
સ્તે'મી સંતતકૂટકલ્પ્તકુલટામોદા મુદે વાસરાઃ ॥

(સદુક્તિકર્ણામૃત ૧૭૧-૪, આચાર્ય ગોપીક, રાધાવલ્લભ ત્રિપાઠીની આવૃત્તિ, પૃ. ૪૪૦)

**અનુવાદ :** જ્યાં નખક્ષત પાકતા નથી; અતિ શીતની પીડા શમાવવા રૂસણું તો ક્યાંય ભાગી ગયું છે; રતિક્રીડામાં કલાઓની પુનરાવૃત્તિને સહન કરી શકે તેવી આ રાત્રિઓ છે!

જારે છોડેલા અધરવ્રણના ખુલાસાઓ માટે હેમન્તના શીતળ વાયુઓ તો છે જ!

એટલે નિરંતર કપટજાળ રચવામાં લાગેલી કુલટાઓના પ્રમોદ માટેના આ દિવસો તો છે!

હેમન્તમાં પાકેલાં આ બોરાંનું કવિએ આંકેલું ઝીણવટભર્યું આ ચિત્રણ તો જુઓ!

**મૂલે હરિન્તિ, કિંચિત્પાર્શ્વે પીતાનિ, લોહિતન્યગ્રે ।**
**મધુરસુરભીણિ સંપ્રત્યગાઢપાકાનિ બદરાણિ ॥** (સુ.ર.કો., અભિનન્દના નામે, ૩૦૪)

**મુક્ત અનુવાદ :** પાકવા આવેલાં બોરાં
મૂળમાં લીલાં
બાજુમાં પીળાં
ટોચે રાતાં
સ્વાદેસુગંધે મીઠાં!

અને આ છેલ્લું સુભાષિત કંઈક ખચકાટ સાથે, સુભાષિતના મૂલ્યાંકન-વિષયક મારા કોઈ પણ પ્રકારના વલણને જણાવા દીધા સિવાય સહૃદય ભાવકના પ્રતિભાવ (અનુકૂળ કે પ્રતિકૂળ પણ મળે તો)ની અપેક્ષાએ મૂકું છું. અન્ય અભિપ્રાયો પણ ભાવકને વિચારણાની સરળતા રહે એ માટે પ્રસ્તુત પણ કરું છું.

**આહૂતો'પિ સહાયૈરેમીત્યુક્ત્વા વિમુક્તનિદ્રો'પિ ।**
**ગન્તુમના અપિ પથિકઃ સંકોચં નૈવ શિથીલયતિ ॥**

(સુભાષિતાવલિ, ૧૮૩૮, ભશ્ચુ નામે પણ, આચાર્ય આનન્દવર્ધનના ધ્વન્યાલોકમાં ઉદ્ધૃત-નગીનદાસ પારેખની ૧૯૮૧ની આવૃત્તિ, સંસ્કૃત પાઠ પૃ. ૧૧)

**અનુવાદ :** સાથીઓ એને બૂમ પાડે છે, એણે 'આવું છું' એમ કહ્યું છે, એની ઊંઘ છેક ઊડી ગઈ છે, એની જવાની ઇચ્છા પણ છે, છતાં એ વટેમાર્ગુ, સંકોચ (અનુવાદ નગીનદાસનો છે, પણ સંકોચની જગ્યાએ 'વાળેલું ટૂંટિયું' મૂકીએ તો?) દૂર કરી શકતો નથી.'

આ પદ્ય પર નગીનદાસ પારેખની નોંધ આ પ્રમાણે છે. ઉપરના ઉદ્ધૃત પદ્યના સંદર્ભમાં નગીનદાસની નોંધ હવે ચાલુ થાય છે.

...પ્રકરણને જોરે વ્યંગ્યની પ્રતીતિમાત્ર થાય છે, એ પ્રતીતિને કારણે કોઈ ચારુત્વ આવતું નથી, એટલે એનું પ્રાધાન્ય નથી. (આટલે સુધીનું નિરીક્ષણ મૂળમાં સંસ્કૃતમાં ધ્વન્યલોકમાં આનન્દવર્ધનનું છે. હવે નગીનદાસની વિશેષ ટિપ્પણી.)

...'અહીં પણ કારણ કહેલું નથી, પણ તે એવું ગૂઢ નથી કે કલ્પી ન શકાય. ભટ્ટ ઉદ્ભટે અહીં ઠંડીની અતિશયતાને કારણ કલ્પ્યું છે. ઠંડી એટલી બધી છે કે સાથીઓ બૂમ પાડે છે, પોતે હા કહી છે, ઊંઘ ઊડી ગઈ છે, જવાનું મન પણ છે, છતાં એ પથારી છોડી શકતો નથી. કોઈ વળી અહીં એવું કારણ કલ્પે છે કે 'જો હું પડી રહીશ તો કદાચ ફરી ઊંઘ આવશે અને તો સ્વપ્નમાં મને પ્રિયાનાં દર્શન થશે' એમ માનીને એ પથારી છોડતો નથી. ગમે તે કારણ કલ્પો, પણ તે ગૌણ જ રહે છે, અને વાચ્યવિશેષોક્તિ જ અહીં પ્રધાન છે, એટલે અહીં ધ્વનિ છે એમ ન કહી શકાય.'

નિર્ણય ભાવક પર છોડું છું.

**વિજય પંડ્યા**
ઉપનિષદ, ૧૧એ, ન્યૂ રંગસાગર સોસાયટી, સરકારી ટ્યૂબવેલનો ખાંચો, બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮,
મોબાઇલ : ૯૮૯૮૦૫૯૪૦૪